આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૫/૦૫/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ સપ્તાહમાં સ્ત્રીઓએ પોતાના આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું પડશે. પૂરતો આરામ કરવો. નોકરીમાં તમામ કામની કદર ઓછી થાય. આર્થિક વ્યવહારમાં ભૂલ ભારે પડી શકે. સામાજિક કામમાં યશ મળે. સંબંધીઓનો સાથ પારિવારિક પ્રશ્નોમાં મળે. દાંપત્યજીવનમાં ઉગ્રતા અને તાલમેળનો અભાવ રહે. ટેકનોલોજી અને બેંકનાં કામ સાથે જોડાયેલ સાવધાન. ભગવાન વિષ્ણુ મંદિરે દીવો કરવો.

વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહ પ્રેમસંબંધોમાં રોમેન્ટીક મુડ અને મુલાકાતવાળું રહેશે. બૌદ્ધિક કાર્યોમાં સફળતા મળે. નવા સર્જનાત્મક વિચાર. નવી દિશા ખૂલશે. આર્થિક પ્રગતિના રસ્તા મળે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. માતાના આરોગ્ય બાબતે ચિંતા રહે. નોકરીમાં મળેલી જવાબદારી નિભાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે. જીવનસાથીનો સાથ મળે. આ વીકમાં ગુરુવારે ચણાની બનાવેલી વાનગી ખાવી.

મિથુન (ક,છ,ઘ):- ચાલુ વીક મિત્રો-સંતાન-જીવનસાથી સાથે સમય પસાર થાય. મનોરંજન થાય. વેપાર-ધંધા માટે નવા સંબંધો વિકાસ પામે. પરિવારમાં ખુશીનો માહોલ રહે. પ્રેમવિવાહની શક્યતા રહે. પરીક્ષામાં સફળતા મળે. કલા શિક્ષણ પ્રવાસ સાથે સંકળાયેલને તક મળે. આરોગ્ય નરમ રહે અને વિજાતિય આવેગ સતાવે. ચોખાની વાનગી ખાવી કે દાન કરવું આ વીકમાં.

કર્ક (ડ,હ):- સપ્તાહ આર્થિક બાબતે પ્રગતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. વિદ્યાર્થીઓને ઉત્તમ તક મળે. પોતાને ગમતી પ્રવૃત્તિમાં સર્જનાત્મક દેખાવ કરવાની તક મળે. વિદ્યાર્થીઓને ઉત્તમ તક મળશે. પ્રવાસ દલાલીના કામમાં આવક વધશે. નવા ઘર વાહનની યોજના બને. પ્રેમમાં વિશ્વાસ વધશે. હરીફાઈ કે ઇન્ટરવ્યુમાં તક મળે. વીક દરમિયાન ભગવાન વિષ્ણુને પીળી મિઠાઈ ધરવી.

સિંહ (મ,ટ):- સપ્તાહ ઉત્સાહજનક રહેશે. સમાજમાં યશ મળે. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. નોકરિયાતને કાર્યક્ષમતાનો લાભ અને પ્રશંસા મળે. પ્રેમવિવાહની ઓફર આવે. પરીક્ષામાં સફળતા મળે. પારિવારિક ધંધામાં આવક વધે. બચતથી નવાં રોકાણ થાય. નવાં ઘર, વાહન બાબતે અનુકૂળતા વધશે. ઘરમાં અવરજવર વધે. વીક દરમિયાન તુલસી ક્યારે ઘીનો દીવો કરવો.

કન્યા (પ,ઠ,ણ):- ચાલુ વીકમાં બુદ્ધિ-કુશળતા અને સોશ્યલ મીડિયાના માધ્યમથી નોકરી-ધંધાનો વિસ્તાર કરવાની તક મળશે. બૌદ્ધિક કાર્યોમાં સફળતા મળે. મનગમતા ભોજનનો આનંદ લેવાની તક મળે. આર્થિક પ્રગતિથી નવાં રોકાણ થાય. શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થાય. નવું શીખવા મળે. ટેકનોલોજી ક્ષેત્રે કદર થાય. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. રોજ 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' મંત્ર કરવો.

તુલા (ર,ત):- સપ્તાહ દરમિયાન સંબંધીઓ જોડે વિવાદ થઈ શકે છે. મિત્રો વગેરે સાથે વ્યવહાર અને મજાકમાં સંયમ રાખવો. સ્વભાવ ચિડીયો રહે. આરોગ્ય નરમ રહે. પ્રવાસમાં વિઘ્ન આવે. વિદેશમાં કામ થાય. કામના સ્થળે નવા પરિવર્તનથી અનુકૂળતા વધશે. આવક વધારવાની તક મળે. વિદ્યાર્થીઓને સમસ્યાને સમાધાન મળે. ખાવા-પીવા પર કાબૂ રાખવો. હનુમાનજીને મીઠા પાનનો પ્રસાદ ધરવો.

વૃશ્ચિક (ન,ય): ચાલુ વીકમાં સામાજિક કામ થાય. પારિવારિક જીવનમાં તાલમેળ રાખવો. નોકરીમાં જવાબદારી વધશે. પ્રેમમાં ધીરજથી કામ લેવું. ગેરસમજ પેદા થાય. મિત્રો સાથે વ્યવસાય કે સંતાનોના કામની ચર્ચા હકારાત્મક રહેશે. સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું. સોશ્યલ મીડિયા સાથે સંકળાયેલાને અચાનક સફળતા મળે. માર્કેટીંગમાં સફળતા મળે. ભગવાન સૂર્યની રોજ પૂજા કરતાં રહેવું.

ધન (ભ,ધ,ફ,ઢ):- સપ્તાહ અટકેલાં કામના અવરોધ દૂર કરનાર રહેશે. સંતાનોના કેરીયરની ચિંતા સતાવે. ઉપરી વર્ગનો સાથ મળે. આવક વધે. સમાજજીવનમાં સાવધાની રાખવી. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. પ્રેમમાં સાથ મળે. સ્વાર્થી મિત્રોથી સાવધાન રહેવું. વિદ્યાર્થીઓને નવી તક મળે. શેરબજારનાં કામ થાય. કોઈની વાતોમાં આવવું નહીં. પીપળાના વૃક્ષની ઘીના દીવાથી પૂજા કરવી.

મકર (ખ,જ):- સપ્તાહની શરૂઆત અશાંતિ અને કામના બોજથી થાય. તમારી જીવનશૈલીમાં બદલાવ આવે. સંતાનો અને જીવનસાથીના કામમાં મદદરૂપ બનશો. આવક વધારવાની તક મળે. વિદેશથી શુભ સમાચાર મળે. પરિવારમાં મહત્ત્વનાં કામ પાર પડે. નવી નોકરીની તક મળે. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. સમાજજીવનમાં યશ મળે. વિષ્ણુ સહસ્રનામનો પાઠ રોજ કરવો.

કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહ દરમિયાન હકારાત્મક લોકોને મળવાનું થાય. ઉંમરલાયકના વિવાહની વાતમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહની ઓફર મળી શકે છે. આરોગ્ય નરમ રહે. કામનો બોજ ડીપ્રેશન વધારશે. નોકરીમાં લાલચથી દૂર રહેવું. ધાર્મિક કામમાં રસ અને સેવાનો મોકો મળશે. કેરિયરમાં પ્રગતિ થાય. આર્થિક રોકાણની તક મળે. વેપારમાં નવા સોદા પાર પડશે. સમાજમાં યશ મળે. દાન અનુકૂળતા પ્રમાણે કરવું.

મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વીકમાં ઉધાર લેવાનું ટાળવું. તેમજ બેંકની લોનના કામમાં પ્રગતિ થશે. નોકરીમાં સમસ્યા સતાવે. ઘરમાં તાલમેળથી સમસ્યાનું સમાધાન થાય. સરકારી કામમાં મદદ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. વીમાનાં કામ થાય. આરોગ્ય નરમ રહે. અચાનક સફળતા મળે. શુભ સમાચાર વિદેશ બાબતે મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નારાયણ કવચનો પાઠ કરતા રહેવું.

વૈભવ સૂર્યવંશી

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે નાની ઉંમરમાં સફળતાના ગ્રહો કુંડલીમાં જો સૂર્ય બુધ અને ગુરુ બળવાન અને શુભ સ્થિતિમાં હોય તો જાતક લગભગ સોળ વર્ષની અંદર પોતાની ક્ષમતા બતાવવાનું ચાલુ કરી દે છે. મોટા ભાગે બળવાન ગુરુવાળાં જાતકો નાની ઉંમરથી જ જવાબદારી નિભાવવાનું ચાલુ કરતાં ધ્યાનમાં આવ્યા છે.

વૈભવ સૂર્યવંશીની પ્રાપ્ત કુંડલી પ્રમાણે જ્યોતિષશાસ્ત્રનો આ નિયમ સાબિત થાય છે. તેની મિથુન લગ્નની કુંડલી પ્રવજ્યા યોગવાળી છે. લગ્નેશ બુધ જે એકાગ્રતા, રમતગમત, કૌશલ અને બુદ્ધિનો કારક છે. તે કર્મસ્થાનમાં સૂર્ય-ગુરુ મંગળ હર્ષલ સાથે અને શનિની દૃષ્ટિમાં છે. મોટા ભાગે રમત ક્ષેત્રમાં સફળતા આપનાર બુધ ધ્યાનમાં આવ્યો છે. કારણકે તે કિશોર અવસ્થા અને ખેલ કૂદનો કારક છે.

કોઈ પણ ક્ષેત્રમાં સફળ થતાં અથવા પોતાની ક્ષમતા સાબિત કરવા આત્મવિશ્વાસ જરૂરી છે. આત્માનો કારક સૂર્ય આત્મવિશ્વાસ સત્તા, નિડરતા, લીડરતા આપનાર છે. **સૂર્યવંશીની કુંડલીમાં પરાક્રમ-સાહસ-નિડરતા ત્રીજા સ્થાનથી મળે છે.** તેનો સ્વામી સૂર્ય-કર્મ એટલે કે કાર્ય સ્થાન, સૂર્યવંશી માટે રમતનું મેદાન એવા દસમા સ્થાનમાં છઠ્ઠાના માલિક અને લગ્નેશ તથા કર્મેશ ગુરુ સાથે હોવાથી તે મેદાનમાં નિડરતાપૂર્વક પોતાની આગવી અદાથી કર્યા વગર ફટકા મારે છે તેને કોઈ ડર સતાવતો નથી. તેની બોડી લેંગ્વેજ પર ભય નજર આવતો નથી. સૂર્યવંશીનો ગુરુ જે યશ, સફળતા, વૈભવ, સમૃદ્ધિ અને લોકપ્રિયતા માટે જવાબદાર છે. તેનો ગુરુ પંચ મહાપુરુષ યોગમાં હંસનામનો યોગ કરે છે. કેન્દ્રમાં કેન્દ્રનો માલિક બનીને ઉપરાંત ચંદ્ર સાથે કેન્દ્રથી ગજકેસરી યોગ પણ કરે છે. ગુરુથી બનતો આ યોગ અપાર ઐશ્વર્ય, સફળતા, નેતૃત્વ અને અમર કીર્તિ આપે છે. ગજકેસરી યોગવાળાં જાતકોમાં અપાર ધૈર્ય, ગમ તેવી વિકટ પરિસ્થિતિમાં હાથીની જેમ અડગ રહેવું અને આંતરિક માનસિક શક્તિ આપનાર છે. મોટા ભાગે નાની ઉંમરમાં સફળતા ગુરુના આ યોગો હંસ અને ગજકેસરી આપે છે. સાથે જ્ઞાન, અપાર ધન, સમાજમાં ઉચ્ચ સ્થાન અને પ્રસિદ્ધિ આપનાર છે.

કોઈ પણ જાતકની કુંડલીમાં ગુરુથી બનતા કોઈ પણ શુભ યોગ જાતકને પોતાના સમાજ, પરિવાર, દેશ-કાળની સ્થિતિ પ્રમાણે બીજા કરતાં ખાસ વિશેષતા હશે જ. ગરીબ કે સામાજિક પછાત અથવા પ્રતિકૂળ વાતાવરણમાં જન્મ્યો હશે તો પણ તે વાતાવરણ પ્રમાણે તેનામાં ખાસ ક્ષમતા જોવા મળતી હોય છે.

સાહસ, ઊર્જા, પરાક્રમ અને સેનાપતિનો કારક મંગળ અંશાત્મક રીતે નિર્બળ છે. માટે ઘણી વખત ઉતાવળ કરી બેસે છે. મંગળ માનસિક પ્રેશરનો કારક છે. મંગળ વિજયનો કે જીતનો કારક છે. જે વિપરીત પરિસ્થિતિમાં જુસ્સો આપનાર છે પણ અશાંત્મક રીતે નિર્બળ બને છે તે પ્રવજ્યા યોગમાં અકારક બને છે. તેની ગુરુ-સૂર્ય-બુધ સાથે સ્થિતિ સારી છે પણ તેનું બળ ઓછું હોવાથી **સૂર્યવંશીને મંગળની શક્તિ પૂરતા પ્રમાણમાં મળતી નથી. તેની અસર તેના જીવનમાં ઉંમર વર્ષ 25 થી 32 દરમિયાન જોવા મળશે.** આ સમય કેરીયરમાં ચડતીપડતીવાળો રહેશે. હરીફો તથા સાથીઓનું વર્તન તેની સાથે વિપરીત રહેશે.

કોઈ પણ માણસ નસીબના સાથ વગર સફળ થઈ શકતો નથી.નસીબના સાથનો આધાર કુંડલીમાં લગ્ન, લગ્નેશ અને આત્મકારક ગ્રહ પર હોય છે. ઘણાં લોકો હંમેશા પોતાના ભાગ્યને કોસતા હોય છે તેમજ પોતાની ક્ષમતા પ્રમાણેની કોશિશ છતાં ભાગ્યનો સાથ મળતો નથી. તેમની મહેનત, લાયકાત, બુદ્ધિક્ષમતા, શિક્ષણ, સમાજમાં સ્થાન પરિવારની હેસિયત વગેરે બધું જ તેમની ફેવરમાં હોવા છતાં નિષ્ફળ રહેતા હોવાનું કારણ આત્મકારક ગ્રહ, લગ્ન અને લગ્નેશ છે. આ સિધ્ધાંતની સૂર્યવંશીની કુંડલીમાં સાબિતી મળે છે.

સૂર્યવંશીનો લગ્નેશ બુધ વર્ગોત્તમ બને છે. જે જ્યોતિષમાં શુભ માનવામાં આવે છે. બુધ પોતાના જ નક્ષત્રમાં કેન્દ્રમાં રાજયોગ કરે છે. પ્રવજ્યા યોગનો મુખ્ય કારક બને છે અને સૌથી મહત્ત્વનું એ કે તે આત્મકારક બને છે અને કારકાંશ કુંડલીમાં મુખ્ય ગ્રહ આત્મકારક ગ્રહ જાતકની આંતરિક શક્તિ, જીવનનો મુખ્ય ઉદ્દેશ અને કેવા પ્રકારના સુખ સગવડ ભોગવવા જન્મ્યો છે તેનું નિર્દેશન કરતો આત્મા માનવામાં આવે છે. સૂર્યવંશીનો જન્મ પંચમેશ શુક્ર જે ભાગ્યમાં શુભ બને છે તેની મહાદશામાં થયો છે. શુક્ર લગ્નેશનો પરમ મિત્ર છે અને ભાગ્યેશ શનિ પણ લગ્નેશનો મિત્ર છે. તે સુખસ્થાનમાં રહીને સૂર્ય, મંગળ, બુધ-ગુરુ, હર્ષલ પર દસમે દૃષ્ટિ કરે છે અને લગ્નમાં રહેલા કેતુ પર પણ દૃષ્ટિ કરે છે. ઉપરાંત છઠ્ઠે પણ દૃષ્ટિ કરે છે માટે હરીફો પર ભારે પડે છે.

નાની ઉંમરના નસીબના સાથના યોગ બળવાન હોવાથી સૂર્યવંશી સુપ્રસિદ્ધ થયો તે પણ ક્રિકેટમાં કારણ તેનો આત્મા બુધનો છે. બુધ રમતનો રાજા છે. હાલમાં 2025 થી 2035 સુધીની મહાદશા ચંદ્રની છે. ચંદ્ર કેન્દ્રમાં મારક થઈને મારક સ્થાનમાં રાહુ સાથે પણ ચંદ્રને મારક દોષ ઓછો લાગે છે. માટે આ સમયમાં સંઘર્ષ રહેશે પણ તક મળશે.

અમદાવાદમાં આરબીઆઈ કરન્સી ચેસ્ટમાંથી રૂ.૮.૭૦ કરોડની ચોરી

90 દિવસમાં સીસીટીવી ફૂટેજ આપમેળે ડિલિટ થઈ જવાની જાણકારી ધરાવતા કસ્ટોડિયને ચોરી કર્યા બાદ 90 દિવસ નોકરી કરી

અમદાવાદઃ અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડાની આરબીઆઈ કરન્સી ચેસ્ટમાંથી રૂ.૮.૭૦ કરોડની ચોરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ચોરીને કોઈ બહારના ગુનેગારે નહીં પરંતુ બેંકના જ સહ કસ્ટોડિયન હરસિદ્ધ કડિયારે અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે.

સમગ્ર ઘટના બેંકના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઝોન-૩ એલસીબી અને કાલુપુર પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી લીધી હતી.

મળતી માહિતી મુજબ આ ચોરીનો બનાવ ગત જાન્યુઆરી-2026માં બન્યો હતો, પરંતુ તાજેતરમાં બેંકમાં થયેલા ઓડિટ દરમિયાન સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ઓડિટ દરમિયાન રૂપિયા ૫૦૦ની ચલણી નોટોના કુલ ૧૭૪ બંડલ ગાયબ હોવાનું સામે આવ્યું હતું, જેની કુલ કિંમત રૂ.૮.૭૦ કરોડ થાય છે. ત્યારબાદ બેંક તંત્ર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે કસ્ટોડિયન તરીકે નાણાંનો વહીવટ સંભાળતો હરસિદ્ધ કડિયાર જ સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ હતો. પોલીસે CCTV ફૂટેજ તપાસતાં ૧૩ જાન્યુઆરીની રાત્રે આશરે ૯:૧૨ વાગ્યે હરસિદ્ધ કડિયાર પોતાના બે સાગરીતો સાથે પૂંઠાની આડમાં કરોડો રૂપિયા બહાર લઈ જતો નજરે પડ્યો હતો.

પોલીસ તપાસ અને પૂછપરછમાં વધુ ખુલાસો થયો હતો કે આરોપીએ બોક્સમાં ભંગાર ભરેલો હોવાનું કહી સુરક્ષા કર્મચારીઓ અને સ્ટાફને ગેરમાર્ગે દોર્યા હતા. ચોરી બાદ પણ તે લગભગ ૯૦ દિવસ સુધી નિયમિત નોકરી પર આવતો રહ્યો હતો. આરોપીને એવું લાગતું હતું કે ૯૦ દિવસ બાદ CCTV ફૂટેજ આપમેળે ડિલિટ થઈ જશે અને તેનો ગુનો બહાર નહીં આવે. પૂર્વ આયોજન મુજબ ૯૦ દિવસ બાદ આરોપી અચાનક બિમારીનું બહાનું બતાવી નોકરી પર આવવાનું બંધ કરીને ફરાર થઈ ગયો હતો. આ દરમિયાન પોલીસ ફરિયાદ નોંધાતા તે સતત પોલીસથી બચવાનો પ્રયાસ કરતો રહ્યો હતો.

અંતે પોલીસે તેને ઝડપી પાડતા આરોપીએ સમગ્ર ગુનાની કબૂલાત કરી લીધી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીએ ચોરી કરેલી રકમમાંથી મોટો ભાગ ખર્ચી નાખ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ચોરીના નાણાંથી તેણે બંગલો, દુકાન અને એક વાહનની ખરીદી કરી હતી. પોલીસે આરોપી પાસેથી અત્યાર સુધીમાં રૂ.૨.૨૦ કરોડની રોકડ રકમ રિકવર કરી છે.

આ કેસમાં હરસિદ્ધ કડિયારના બે સાગરીતો સુલતાન અને ઝુલ્ફીકારની પણ ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી અંદાજે રૂ.૪૦ લાખથી વધુની રકમ મળી આવી હોવાનું જાણવા મળ્યું છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલે સુરત-અમદાવાદની મુસાફરી ટ્રેનમાં કરી

સામાન્ય રીતે હેલિકોપ્ટર કે વિમાનનો ઉપયોગ થાય છે, પહેલી વખત ટ્રેનનો ઉપયોગ કર્યો

ગાંધીનગરઃ દેશમાં ઊર્જા સંકટ અને ઈંધણ બચત અંગે વધી રહેલી ચિંતાઓ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અનોખી પહેલ કરીને મહત્વપૂર્ણ સંદેશો આપ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ઈંધણનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની અપીલ કર્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના વર્તન દ્વારા આ અપીલનું પાલન કર્યું છે.

સામાન્ય રીતે મુખ્યમંત્રીના પ્રવાસ માટે હેલિકોપ્ટર અથવા વિમાનનો ઉપયોગ થતો હોય છે, પરંતુ આ વખતે ભૂપેન્દ્ર પટેલે સુરતના પ્રવાસ માટે ટ્રેનની મુસાફરી પસંદ કરી હતી. આ રીતે તેમણે ઈંધણ બચત અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીનો સંદેશો આપ્યો છે.

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટની પરિસ્થિતિને કારણે વૈશ્વિક સ્તરે ઈંધણ પુરવઠા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. ભારત સરકાર પણ ઊર્જા સુરક્ષા અને ઈંધણ બચત મુદ્દે ગંભીરતાથી ધ્યાન આપી રહી છે. આવા સમયે મુખ્યમંત્રીનો ટ્રેન પ્રવાસ લોકોમાં સકારાત્મક સંદેશો પહોંચાડતો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રી આજે સુરતમાં યોજાનારા મહત્વપૂર્ણ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા અને પૂર્ણ થયા બાદ તેઓ પરત પણ રેલવે માર્ગે જ અમદાવાદ પહોંચ્યા હતા. રાજ્ય સરકારના સૂત્રો અનુસાર આ નિર્ણય માત્ર પ્રતિકાત્મક નથી, પરંતુ ઊર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણ માટેની જવાબદારી દર્શાવતો પ્રયાસ છે. વંદે ભારત ટ્રેન દેશની સૌથી આધુનિક અને ઝડપી ટ્રેનોમાંની એક ગણાય છે.

ઓછા સમયમાં આરામદાયક અને સુરક્ષિત મુસાફરીની સુવિધા પૂરી પાડતી આ ટ્રેનનો ઉપયોગ કરીને મુખ્યમંત્રીએ સામાન્ય નાગરિકો માટે પણ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. મુખ્યમંત્રીની આ પહેલને સોશિયલ મીડિયા પર પણ વ્યાપક પ્રશંસા મળી રહી છે.

ગિફ્ટ સિટીમાં કરોડોના કૌભાંડમાં કોંગ્રેસ નેતા સહિત બે ઝડપાયા

આશરે 400 કરોડથી વધુના આ કૌભાંડનો સૂત્રધાર ઉત્પલ પટેલ પરિવાર સાથે દુબઈ ફરાર થઈ ગયો

ગાંધીનગરઃ ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં થયેલા કરોડોથી વધુના કથિત નાણાકીય કૌભાંડ મામલે હવે રાજકીય કનેક્શન સામે આવતા ભારે ચકચાર મચી ગઈ છે. ગાંધીનગર પોલીસે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણ પટેલ અને સચિન પટેલ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. સમગ્ર મામલે વધુ તપાસ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવી રહ્યા છે.

ગાંધીનગર ડભોડા પોલીસની તપાસ મુજબ ગિફ્ટ સિટીમાં આવેલી "શૂટસ્પેસ" નામની કંપની મારફતે રોકાણકારોને એક વર્ષમાં 50 ટકા સુધીના ભારે નફાની લાલચ આપવામાં આવતી હતી. ઊંચા રિટર્નના વાયદાઓથી પ્રભાવિત થઈ ગુજરાત સહિત દેશના 8 અલગ અલગ રાજ્યોના લોકોએ આ સ્કીમમાં રોકાણ કર્યું હતું. શરૂઆતમાં માત્ર 13 ફરિયાદીઓએ અંદાજે 5 કરોડ રૂપિયાની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી હતી.

જોકે તપાસ આગળ વધતાં સમગ્ર ગેરકાયદેસર નાણાકીય નેટવર્કનો પર્દાફાશ થયો હતો અને કુલ 400 કરોડથી વધુની રકમ ઉઘરાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે મુખ્ય સૂત્રધાર ઉત્પલ પટેલ સહિત કુલ 6 સામે ગુનો નોંધ્યો છે.

પોલીસને મળેલી માહિતી મુજબ મુખ્ય આરોપી ઉત્પલ પટેલ પોતાના પરિવાર સાથે દુબઈ ફરાર થઈ ગયો છે. ત્યારબાદ પોલીસે અન્ય આરોપીઓને શોધવા અલગ અલગ ટીમો બનાવી તપાસ વધુ તેજ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ રોકાણકારોને વિશ્વાસમાં લેવા માટે આરોપીઓ દ્વારા મોટી યોજનાઓ, આકર્ષક પ્રેઝન્ટેશન અને ઊંચા નફાના દાવાઓ કરવામાં આવતા હતા. શરૂઆતમાં કેટલાક લોકોને નફો ચૂકવી વધુ રોકાણકારોને આકર્ષવામાં આવતા હતા.

બાદમાં કરોડો રૂપિયાનું રોકાણ એકત્ર કર્યા પછી કંપનીએ ચૂકવણી બંધ કરી દીધી હતી. જેના કારણે રોકાણકારોએ પોલીસનો સંપર્ક કરતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. હાલ ગાંધીનગર પોલીસ સમગ્ર નાણાકીય વ્યવહારો, બેંક એકાઉન્ટ્સ અને અન્ય સંડોવાયેલા લોકો અંગે ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે.

અમદાવાદ ૪૨.૨ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં સૌથી ગરમ શહેર

ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં પણ ૪૨ ડિગ્રી તાપમાન

અમદાવાદ : રાજ્યભરમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં પણ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો ગરમીથી અકળાઈ ઉઠ્યા હતા.

રાજ્યના અન્ય શહેરોમાં રાજકોટમાં ૪૧.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી, ભાવનગરમાં ૪૧.૯ ડિગ્રી અને અમરેલીમાં ૪૧.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કચ્છ વિસ્તારમાં ભૂજમાં ૩૯.૪ ડિગ્રી, કંડલા પોર્ટ પર ૩૯ ડિગ્રી અને નલિયામાં ૩૫.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.દક્ષિણ ગુજરાતમાં સુરતમાં ૩૬.૬ ડિગ્રી અને દમણમાં ૩૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે સૌરાષ્ટ્રના મહુવામાં ૩૫ ડિગ્રી, પોરબંદરમાં ૩૫.૮ ડિગ્રી અને કેશોદમાં ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વડોદરામાં ૪૦.૨ ડિગ્રી અને ડીસામાં ૩૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આવતીકાલ સુધી આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી છે. અમદાવાદમાં આવતીકાલે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગે આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. જોકે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતની કેસર કેરીની અમેરિકા સહિત પાંચ દેશોમાં નિકાસ

કેસર કેરી હાલમાં અમેરિકા, યુકે, કેનેડા, યુએઈ અને ઓસ્ટ્રેલિયા પહોંચી રહી છે

ગાંધીનગરઃ ગુજરાતની પ્રસિદ્ધ કેસર કેરી હવે આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ મજબૂત રીતે પોતાની ઓળખ ઉભી કરી રહી છે. "એક નજરે : કેસર કેરીની 'બગીચાથી વિદેશ' સુધીની સફર" વિષયક માહિતી મુજબ કેસર કેરીના ઉત્પાદનથી લઈ નિકાસ સુધીની સમગ્ર પ્રક્રિયા વૈશ્વિક ગુણવત્તા ધોરણોને અનુરૂપ કરવામાં આવી રહી છે.

કેસર કેરીની નિકાસ માટે સૌથી પહેલા APEDA (Agricultural and Processed Food Products Export Development Authority) ના Hortinet પોર્ટલ પર નોંધાયેલા બગીચાઓમાંથી વહેલી સવારે સાવધાનીપૂર્વક હાર્વેસ્ટિંગ કરવામાં આવે છે. સ્થાનિક પેક હાઉસ સુધી પહોંચાડ્યા બાદ કેરીનું વૈજ્ઞાનિક રીતે પ્રોસેસિંગ કરવામાં આવે છે.

પ્રોસેસિંગ દરમિયાન કેરીની ડી-સેપિંગ પ્રક્રિયા દ્વારા ચીક સાફ કરવામાં આવે છે. ત્યારબાદ ૪૮થી ૫૨ ડિગ્રી તાપમાને હોટ વોટર ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. પછી હાઈડ્રો-કૂલિંગ પ્રક્રિયા દ્વારા કેરીને ઠંડી કરવામાં આવે છે જેથી તેની ગુણવત્તા અને તાજગી જળવાઈ રહે છે.આ સમગ્ર પ્રક્રિયા બાદ લોજિસ્ટિક્સ અને કસ્ટમ ક્લિયરન્સ પૂર્ણ કરીને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણો પાસ કર્યા પછી કેસર કેરીને વિદેશી બજારોમાં મોકલવામાં આવે છે. ગુજરાતની કેસર કેરી હાલમાં અમેરિકા, યુકે, કેનેડા, યુએઈ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં નિકાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર પ્રક્રિયા તાલાલા માર્કેટિંગ યાર્ડમાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

કેસર કેરીની આ સુવ્યવસ્થિત નિકાસ પ્રક્રિયાથી ગુજરાતના ખેડૂતોને વૈશ્વિક બજારમાં વધુ તક મળી રહી છે અને રાજ્યની કૃષિ ઉપજને આંતરરાષ્ટ્રીય ઓળખ પણ પ્રાપ્ત થઈ રહી છે.

ગુજરાત-મુંબઈના વેપારીઓને ઠગતી જોડી ઝડપાઈ

અમદાવાદ,તા.૨૪ઃ ગુજરાત અને મુંબઈના વેપારીઓને નિશાન બનાવી છેલ્લા સાત વર્ષથી ઓનલાઈન છેતરપિંડી આચરતી એક શાતિર ગેંગનો કાગડાપીઠ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે કચ્છના ભુજમાંથી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં જગદીશ રસીકલાલ મણીલાલ ઠક્કર (ઉ.વ.૩૬) અને મુકેશ પરસોત્તમભાઈ ચેલારામ સોરઠિયા (ઉ.વ.૩૭)નો સમાવેશ થાય છે. બંને આરોપીઓ ભુજ ખાતે રહેતા હોવાનું સામે આવ્યું છે. કાગડાપીઠ પોલીસના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે આરોપીઓ ગૂગલ અને યુટ્યુબ પરથી જથ્થાબંધ વેપારીઓના મોબાઈલ નંબર એકત્ર કરતા હતા. ત્યારબાદ વેપારી બનીને માલના ફોટોગ્રાફ્સ અને બિલ મંગાવતા હતા. બિલ તૈયાર થયા બાદ આરોપીઓ પૈકીનો એક વ્યક્તિ અવાજ બદલીને પોતે આંગડિયા પેઢીમાંથી બોલતો હોવાનો વિશ્વાસ ઉભો કરતો હતો. વેપારીઓને "તમારું પેમેન્ટ આવી ગયું છે" કહી ટોકન નંબર આપવામાં આવતો અને બાદમાં "ભૂલથી વધારે રૂપિયા ચૂકવાઈ ગયા છે" કહી QR કોડ સ્કેન કરાવી રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવતા હતા.

આરોપીઓએ મોબાઈલ એસેસરીઝ, કાજુ-બદામ, ઘડિયાળ, કટલેરી, કપડાં તેમજ નટ-બોલ્ટના વેપારીઓને ટાર્ગેટ બનાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં માત્ર મુંબઈમાં જ અંદાજે એક કરોડ રૂપિયાનો માલસામાન ઠગાઈથી મેળવ્યો હોવાનું ખુલ્યું છે. કાગડાપીઠ પોલીસ લાંબા સમયથી આ ટોળકી અંગે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે તપાસ ચલાવી રહી હતી. આખરે ભુજમાંથી બંને આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ એસેસરીઝ તેમજ રૂપિયા ૨૭,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. સાથે જ અન્ય ગુનાઓમાં તેમની સંડોવણી અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અનુસંધાન ... પાના પહેલાનું

ભારત-અમેરિકા વેપાર...

પીટીઆઈના એક પ્રશ્નનો જવાબ આપતા રુબિયોએ જયશંકર સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, યુએસ-ભારત સંબંધોએ કોઈ ગતિ ગુમાવી નથી. હું સમજી શકું છું કે શા માટે કેટલાક લોકો આવું કહી રહ્યા છે. હું તે વાત સાથે સહમત નથી, પણ હું સમજી શકું છું કે કેટલાક લોકો આવું કેમ કહે છે. આ ભારત વિશે નથી, આ વેપારના સંદર્ભમાં અમેરિકા વિશે છે. રુબિયોએ ભારતને અમેરિકાનું એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો શ્રેણીબદ્ધ મહત્વના મુદ્દાઓ પર એક સમાન વિચાર ધરાવે છે.

જયશંકરે જણાવ્યું હતું કે, "મને ભારતનું વ્યાપક વલણ સ્પષ્ટ કરવા દો... અને હું અહીં પાંચ મુદ્દા રજૂ કરીશ. પહેલું, અમે સંઘર્ષોના ઉકેલ માટે સંવાદ અને મુત્સદ્દીગીરીની હિમાયત કરીએ છીએ. બીજું, અમે સુરક્ષિત અને અવરોધ વિનાના દરિયાઈ વેપારનું સમર્થન કરીએ છીએ. તેમણે આગળ ઉમેર્યું, "ત્રીજું, અમે આંતરરાષ્ટ્રીય કાયદાના ચુસ્ત આદરની માંગ કરીએ છીએ. ચોથું, અમે બજારના હિસ્સા અને સંસાધનોના હથિયારીકરણની વિરુદ્ધ છીએ. અને પાંચમું, અમે વૈશ્વિક અર્થતંત્રના જોખમોને ઘટાડવા માટે વિશ્વસનીય ભાગીદારી અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન (પુરવઠા શૃંખલા)ના મૂલ્યમાં વિશ્વાસ રાખીએ છીએ.

ભારત-અમેરિકા વેપાર...

અમેરિકા અને ભારત વચ્ચે એક એવા વેપાર કરાર તરફ આગળ વધી રહ્યા છીએ જે કાયમી અને બંને પક્ષો માટે ફાયદાકારક રહેશે, તેમજ આપણા રાષ્ટ્રીય હિતોને અનુરૂપ અને ટકાઉ હશે. વિદેશ મંત્રીએ વેપાર કરાર પર વહેલી તકે સર્વસંમતિ સાધવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, આર્થિક મોરચે, અમે પરસ્પર અને સમાન રીતે લાભદાયી વેપાર અંગેના વચગાળાના કરારના અંતિમ દસ્તાવેજને વહેલી તકે આખરી ઓપ આપવાના મહત્વ વિશે વાત કરી છે.

શરૂઆતમાં થોડી...

મુદ્દાઓ" આવી શકે છે, પરંતુ અંતે એક "કાર્યક્ષમ" માળખું દરેક હિતધારકો માટે મદદરૂપ સાબિત થશે. રૂબિયોના ભારત આગમન પહેલાં, યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (USCIS) દ્વારા એક નિર્દેશ જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ગ્રીન કાર્ડ અથવા કાયમી રહેઠાણ ઈચ્છતા વિદેશીઓએ અરજી કરવા માટે પોતાના વતન પરત ફરવું જરૂરી હોવાનું કહેવાયું હતું. એજન્સીએ પાછળથી આ વલણમાં થોડી નરમાશ લાવી હતી, પરંતુ આ એકંદર પગલાથી ભારતીય વ્યાવસાયિકો (પ્રોફેશનલ્સ) ના એક મોટા વર્ગને નોંધપાત્ર અસર થવાની સંભાવના હજુ પણ સેવાઈ રહી છે.

વ્હાઇટ હાઉસ સુરક્ષા...

જણાવ્યું હતું કે, આ વ્યક્તિ સાંજે ૬ વાગ્યા પછી ૧૭મી સ્ટ્રીટ અને પેન્સિલવેનિયા એવન્યુના વિસ્તારમાં હતો, જ્યારે તેણે તેની બેગમાંથી હથિયાર કાઢ્યું અને ગોળીબાર શરૂ કરી દીધો. સિક્રેટ સર્વિસના અધિકારીઓએ વળતો ગોળીબાર કર્યો જેમાં શંકાસ્પદ વ્યક્તિને ગોળી વાગી હતી અને હોસ્પિટલમાં તેનું મોત નીપજ્યું હતું, તેમ એજન્સીએ જણાવ્યું હતું.

તપાસ અંગે ચર્ચા કરવા માટે અધિકૃત ન હોવાને કારણે નામ ન આપવાની શરતે કાયદા અમલીકરણ અધિકારીએ જણાવ્યું હતું કે, શંકાસ્પદની ઓળખ ૨૧ વર્ષીય નાસિર બેસ્ટ તરીકે થઈ છે. ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયાના કોર્ટના રેકોર્ડ અનુસાર, જુલાઈ ૨૦૨૫માં બેસ્ટની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તેણે પરવાનગી વિના વ્હાઇટ હાઉસના એક અલગ ચેકપોઇન્ટમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, અધિકારીઓના રોકાવાના આદેશો માન્યા ન હતા, તેણે પોતે જીસસ ક્રાઈસ્ટ હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે તે ધરપકડ વહોરવા માંગે છે. આ મામલે પ્રારંભિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને પ્રિટ્રાયલ સ્ટે અવે ઓર્ડર જારી કરવામાં આવ્યો હતો, જે સામાન્ય રીતે ટ્રાયલ ખટલા પહેલાં પ્રતિવાદીને કોઈ વ્યક્તિ અથવા વિસ્તારની નજીક ન જવાનો આદેશ આપતું પગલું છે. બેસ્ટ સામે અસહકારની નોટિસ બાદ ઓગસ્ટમાં બેન્ચ વોરંટ જારી કરવામાં આવ્યું હતું, જે ત્યારબાદની સુનાવણીમાં હાજર થયો હતો.

CBSE તકનીકી...

ચુકવણી અંગે જો જરૂર જણાશે તો અલગથી જાણ કરવામાં આવશે."

નોટિસમાં ઉમેર્યું છે કે, "મૂલ્યાંકન કરાયેલી ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો આવા તમામ કિસ્સાઓમાં પ્રદાન કરવામાં આવશે, જેમાં ઉમેદવારોએ નવી અરજી સબમિટ કરવાની જરૂર રહેશે નહીં."

સૂત્રોએ જણાવ્યું કે, બુધવારે પ્રધાને સર્વર ડાઉન ટાઈમ, પેમેન્ટ ગેટવેની ખામીઓ અને પ્રક્રિયા દરમિયાન સામે આવેલી કામગીરીની ખામીઓ સંબંધિત મુદ્દાઓની ગંભીર નોંધ લીધી હતી.

રાષ્ટ્રપતિ મુર્મુ...

પુરસ્કાર વિજેતાઓને આ સમારોહના બીજા તબક્કામાં પુરસ્કારો એનાયત કરવામાં આવશે, જે પછીથી યોજાશે. એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ પુરસ્કારો દર વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસરે જાહેર કરવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત નાગરિક સન્માન વિવિધ ક્ષેત્રોમાં આપવામાં આવે છે -- કલા, સામાજિક કાર્ય, જાહેર બાબતો, વિજ્ઞાન અને ઇજનેરી, વ્યાપાર અને ઉદ્યોગ, તબીબી, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, નાગરિક સેવા, વગેરે. પદ્મ વિભૂષણ અસાધારણ અને વિશિષ્ટ સેવા માટે, પદ્મ ભૂષણ ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા માટે અને પદ્મ શ્રી કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા માટે એનાયત કરવામાં આવે છે.

નીટ કેસ :...

પેપરમાં જણાવ્યું હતું કે, "તપાસ ચલાવવાના હેતુથી તપાસ સાથે જોડાયેલા પુરાવાઓ સાથે ચેડાં થતાં અટકાવવા અને સાક્ષીઓ પર પ્રભાવ પાડતા રોકવા માટે ધરપકડ કરાયેલા આરોપીઓને ન્યાયિક કસ્ટડીમાં રાખવા જરૂરી છે." એજન્સીએ જણાવ્યું હતું કે, આરોપીઓ નાસી ન જાય, ભૌતિક કે ડિજિટલ પુરાવાનો નાશ ન કરે અને પ્રશ્નો લીક કરવા સંબંધિત આવા અન્ય ગુનાઓ ફરીથી ન આચરે તે રોકવા માટે પણ ન્યાયિક કસ્ટડી જરૂરી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, "આ કેસ હાલમાં તપાસના પ્રારંભિક તબક્કામાં છે અને કેસના હિતમાં ન્યાયિક કસ્ટડી જરૂરી છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે, કેસમાં થનારા વિકાસના આધારે કાનૂની જોગવાઈઓ અનુસાર તપાસમાં (ખેરનારના) પોલીસ કસ્ટડી રિમાન્ડની ફરીથી જરૂર પડી શકે છે." અગાઉ, 14 મેના રોજ કોર્ટે ખેરનાર અને અન્ય ચાર લોકોને સાત દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં મોકલ્યા હતા અને નોંધ્યું હતું કે, આરોપો નાણાકીય લાભ માટે ગુપ્ત પરીક્ષાના પેપરો લીક કરવા અને ફેલાવવામાં સામેલ એક 'સંગઠિત ગેંગ'ની ભૂમિકા છે.

બંગાળની ફાલ્ટા...

સ્થાને સરકી ગયા હતા અને તેમની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ હતી.

મતદાનના બે દિવસ પહેલા ખાને જાહેરાત કરી હતી કે તેઓ ફાલ્ટાના હિતમાં પાછા હટી રહ્યા છે, જે પગલાંને ભાજપે યુદ્ધમેદાનમાંથી "ભાગી જવાનો પ્રયાસ ગણાવીને તેની મજાક ઉડાવી હતી. જો કે, તે સમયે ઉમેદવારી પત્ર ખેંચવું શક્ય ન હોવાથી તેમનું નામ ઈવીએમ (EVM) પર યથાવત રહ્યું હતું. ફાલ્ટા વિધાનસભા બેઠક ૨૦૧૧થી ટીએમસી પાસે હતી. પાર્ટીએ ૨૦૨૧માં આ મતવિસ્તારમાં અંદાજે ૫૭ ટકા મતો મેળવીને બેઠક જાળવી રાખી હતી. જોકે, રવિવારના પરિણામોએ પાર્ટીના સમર્થન આધારમાં મોટો કડાકો દર્શાવ્યો છે. પુનઃચૂંટણીમાં ભાજપે ૭૧.૨ ટકા વોટ શેર મેળવ્યો હતો, જે ૨૦૨૧માં ૩૬.૭૫ ટકા હતો, જ્યારે ટીએમસીનો વોટ શેર ઘટીને માત્ર ૩.૭ ટકા રહી ગયો હતો.